તા:૨૧/૦૨/૨૦૨૨

# અહેવાલ

## વિષય: ખેરગામની સરકારી કોલેજમાં માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ

આથી અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ, ખાતે રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA) અંતર્ગત ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષા વિભાગના સંયુક્ત ઉપક્રમે તા:૨૧/૦૨/૨૦૨૨ ને સોમવારના રોજ "આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ"ની ઉજવણી કરવામાં આવી જે નિમિત્તે અંગ્રેજી, હિન્દી, મલયાલમ અને ફ્રેંચ ભાષાના જાણકાર અને કેરલ રાજ્યની "કેરલ યુનીવર્સીટી" તિરુવનંતપુરમ (ત્રિવેન્દ્રમ) ના Ph.d.સ્કોલર શ્રીમતિ આયના બેન્ઝામીન આમાંત્રણને માન આપી સવારે ૧૧.૩૦ કલાકે કોલેજમાં ઉપસ્થિત રહ્યા હતા.

એસોસિયેટ પ્રોફેસર શ્રીમતિ મિનાક્ષીબેન પટેલ ની અનુમતિથી કાર્યક્રમની શરૂઆત કરતા પ્રાધ્યાપક શ્રી દિવ્યેશ પટેલે મંચ પર ઉપસ્થિત શ્રીમતિ આયના બેન્ઝામીન તથા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું.

આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ અંતર્ગત મુખ્ય મહેમાન શ્રીમતિ આયના બેન્ઝામીને પોતાના વક્તવ્યમાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ તરીકે યુનેસ્કો તરફથી ૨૧ ફેબ્રુઆરી નો દિવસ શાં માટે પસંદ કરવામાં આવ્યો તે માટે પાકિસ્તાન તરફથી બાંગ્લાદેશના માતૃભાષાને બચાવવા થયેલ આંદોલન પર થયેલ બળપ્રયોગ અને બાંગ્લાદેશના યુવાનોની માતૃભાષા બચાવવા માટેની શહિદી બાબતે માહિતી આપવા ઉપરાંત માતૃભાષાનું મહત્વ અને જુદી જુદી સંસ્કૃતિઓ અને તેની સાથે વિકસિત થયેલ ભાષાઓ, ભાષાઓ મુજબ અસ્તિત્વમાં આવેલ પ્રદેશો અને તેમની ખાસીયતો વગરે બાબતે વિદ્યાર્થીઓને માહિતગાર કરવાની સાથે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી પ્રસંગે માતૃભાષાની સાથોસાથ અન્ય ભાષાઓ પ્રત્યે પણ સમાન આદરભાવ રાખવા અને વિશ્વ જ્યારે એક ગામડું બની રહ્યું હોય ત્યારે શક્ય બને તેટલી ભાષાઓ પર પ્રભુત્વ મેળવી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાનું,રાજ્યનું અને દેશનું નામ રોશન કરવા પર ભાર મૂક્યો.

અત્રેની કોલેજના સંસ્કૃત વિષયના પ્રાધ્યાપક શ્રી યોગેશભાઈ ટંડેલ સાહેબે સંસ્કૃત ભાષા દેવોની અને પ્રાચિનતમ ભાષા છે તેમ જણાવ્યું, અંગ્રેજી વિષયના પ્રાધ્યાપક શ્રી ધર્મરાજ ટેંભરે સાહેબે ભાષાકીય ભેદભાવો મિટાવી તમામ ભાષાઓ પ્રત્યે સમાન આદરભાવ કેળવવા અને અંગ્રેજી એક વૈશ્વિક ભાષા તરીકે ખ્યાતી પામી હોવાથી માતૃભાષા ગુજરાતી ઉપરાંત એક રાષ્ટ્રીય ભાષા તરીકે હિન્દી અને આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવવા હાકલ કરી. હિન્દી વિષયના પ્રાધ્યાપક મનીષાબેન જોગિયાએ ભારતના બંધારણમા ૨૨ ભાષાઓને આપવામાં આવેલ માન્યતા બાબતે,

GOVT. ARTS & COMMERCE COLLEGE
सत्यमेव जयते
KHERGAM
TA. CHIKHLI DIST. NAVSARI

Principal,
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari
Code No.. 630

ગુજરાતી વિષયના પ્રા.જમાનાબેને ગુજરાતી ભાષાના ઉદભવ અને વિકાસ બાબતે. મહાદેવ એનટરપ્રાઈઝ સુરતના શ્રી પારસ પ્રજાપતિ સાહેબે UPSC જેવી સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં બંધારણ માન્ય ૨૨ ભાષાઓને આપવામાં આવેલ મહત્વ બાબતે તથા આજના કાર્યક્રમના માર્ગદર્શક ડો.મીનાક્ષી મેડમે નરસિંહ મહેતા, મીરાબાઈ, વીર નર્મદ, દલપતરામ, ઝવેરચંદ મેઘાણી વગેરે ગુજરાતી સાહિત્યના મહાન સાહિત્યકારોને યાદ કરી માતૃભાષાના રક્ષણ અને સંવર્ધન કરવા પર ભાર મુક્યો.

કાર્યક્રમના અંતે પ્રાધ્યાપક શ્રી જીગરભાઇ એ મુખ્ય મહેમાનશ્રીમતિ આયના બેન્ઝામીન અને કોલેજના ઉપસ્થિત સૌ પ્રાધ્યાપકોનો આભાર વ્યક્ત કર્યો.

GOVT. ARTS & COMMERCE COLLEGE
सत्यमेव जयते
KHERGAM
TA. CHIKHLI DIST. NAVSARI

Principal,
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari
Code No : 630

## તા.૨૧/૦૨/૨૦૨૨ - આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ



આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે કૉલેજમાં કાર્યક્રમ કરી રહેલા અધ્યાપકો, એન.એસ.એસ.ના સ્વયંસેવકો અને વ્યાખ્યાતા તરીકે કેરાલા યુનિ.ના સ્ટુડન્ટ શ્રીમતી આયના બેન્જામીન ઉપસ્થિત રહ્યા હતા.

GOVT. ARTS & COMMERCE COLLEGE * TA. CHIKHLI DIST. NAVSARI * KHERGAM

Principal,
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari
Code No. 630

# રગામની સરકારી કોલેજમાં માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી



**ખેરગામ** | ખેરગામ કોલેજમાં માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે નિમિત્તે અંગ્રેજી, હિન્દી, મલયાલમ અને ફ્રેંચ ભાષાના જાણકાર અને કેરલ રાજ્યની "કેરલ યુનીવર્સીટી" તિરુવનંતપુરમ (ત્રિવેન્દ્રમ) ના Ph.d.સ્કોલર આયના બેન્ઝામીન આમાંત્રણને માન આપી કોલેજમાં ઉપસ્થિત રહ્યા હતા.તેમણે પોતાના વક્તવ્યમાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ તરીકે યુનેસ્કો તરફથી 21 ફેબ્રુઆરી નો દિવસ શાં માટે પસંદ કરવામાં આવ્યો ઉપરાંત માતૃભાષાનું મહત્વ ને જુદી જુદી સંસ્કૃતિઓ અને તેની સાથે વિકસિત થયેલ ભાષાઓ, ભાષાઓ મુજબ અસ્તિત્વમાં આવેલ પ્રદેશો અને તેમની ખાસીયતો વગરે બાબતે વિદ્યાર્થીઓને માહિતગાર ક્ર્યા હતા.પ્રાધ્યાપક યોગેશભાઈ ટંડેલ, ધર્મરાજ ટૈભરે, મનીષાબેન જોગિયા, જમાનાબેને ગુજરાતી ભાષાનું મહત્વ સમજાવ્યું હતું.

૨૫/૦૨/૨૦૨૨

દિવ્ય ભાસ્કર

GOVT. ARTS & COMMERCE COLLEGE
सत्यमेव जयते
KHERGAM
TA. CHIKHLI DIST. NAVSARI

Principal,
Govt. Arts & Commerce College
KHERGAM Dist. Navsari
Code No.: 630